

## ગાંધીનગર કલ્ચરલ ફોરમના આંગણામાં રાષ્ટ્રગીતનું સમૂહ ગાન : અનેરી ચેતના અને ઉર્જાનું અલૌકિક વાતાવરણ

ગાંધીનગર કલ્ચરલ ફોરમ ધ્વારા આ નવરાત્રીમાં નવી પહેલ કરવામાં આવી છે. નવરાત્રીના ગરબા સંપન્ન થાય તે પછી તરત જ સમૂહમાં રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવે છે. નવરાત્રીમાં માતાજીની સાથે સાથે માતૃભૂમિની પણ આરાધના થાય અને યુવાનોમાં દેશભક્તિનો ભાવ વધુ બળવત્તર બને એવા ઉદેશ સાથે ગરબા પછી રાષ્ટ્રગીતનું ગાન કરાય છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા ગ્રાઉંડમાં દરરોજ અંદાજે ૨૦ થી ૨૫ હજ્જાર ખેલૈયાઓ અને પ્રેક્ષકો ઉપસ્થિતિ હોય છે. ગરબા પૂરા થાય પછી ખેલૈયાઓ મેદાનમાં જ હોય ત્યારે ગરબા ગવડાવતા કલાકારો, ખેલૈયાઓ અને હજ્જારો પ્રેક્ષકો પોતપોતાના સ્થાને ઊભા થઈને સમૂહમાં રાષ્ટ્રગીતનું ગાન કરે છે. હજ્જારો લોકો સમૂહમાં રાષ્ટ્રગીતનું ગાન કરતાં હોય ત્યારે એક અલૌકિક ચેતના અને ઉર્જાનું વાતાવરણ સર્જાય છે. હજ્જારો ખેલૈયાઓ અને લોકોએ ગાંધીનગર કલ્ચરલ ફોરમની આ વિશિષ્ટ પહેલને ખૂબ ઉત્સાહથી વધાવી લીધી છે.

# સરગાસણ મહિલાની હત્યાનો ભેદ ઉકેલાયો

## ગામના પૂર્વ સરપંચની બીજી પત્નીએ મહિલાને મોતને ઘાટ ઉતારી હતી

ગાંધીનગર શહેરને અડીને આવેલા સરગાસણ ગામના નાળીયામાંથી તાજેતરમાં હત્યા કરાયેલી મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. આ મહિલાની હત્યા કેસનો ભેદ ગણતરીના દિવસોમાં પોલીસે ઉકેલી નાંખ્યો છે. આ હત્યા કેસમાં પોલીસે ગામના પૂર્વ સરપંચની બીજી પત્નીની ધરપકડ કરી છે. તે ઉપરાંત મહિલાની મદદ કરનાર એક કિશોરની પણ પોલીસે અટકાયત કરી છે.

બનાવની મળતી વિગત મુજબ ઈન્ફોસીટી પોલીસે વાવોલ ન્યું ગ્રીનસીટી ખાતે રહેતી મહિલા સોનલબેન ગોવિંદજી વાઘેલા (ઉં.વ.૪૫)સરગાસણના પૂર્વ સરપંચ જશવંતજી ડાહ્યાજી ઠાકોરની બીજી પત્ની તરીકે રહેતી હતી. જેને પહેલા લગ્નથી એક પુત્ર અને દિકરી હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે મૃતક બકુલાબેન ઠાકોરને સાતે પણ પૂર્વ સરપંચને આંખ મળી જતા પ્રેમ સંબંધ બંધાયો હતો. તેની જાણ સોનલને થઈ જતા તેણે રેકી કરી હતી અને બકુલા બેનના માથા પર લોખંડની પાઈપથી છ થી સાત ફટકા માર્યા હતા. જેથી બકુલાબેન લોહીના ખાબોચીયામાં ફસડાઈ પડ્યા હતા. જેથી ગંભીર રીતે ઘાયલ બકુલાબેનનું પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું. બકુલા બેનની હત્યા કરીને લોહીથી ખરડાયેલા કપડા વાવોલથી કોલવડા જતા માર્ગ પર પેટ્રોલ નાંખીને બાળી નાંખ્યા હતા. છેલ્લા એક માસથી પતિ જશવંત પત્ની સોનલનો ફોન ઉપાડતો ન હતો. જેને પગલે સોનલના મનમાં શંકા ગઈ હતી. ત્યારબાદ સોનલને પતિના આડાસંબંધ અંગે જાણ થઈ જતા તેણીએ ઝઘડો કયો હતો.ત્યારબાદ જશવંતે ફોન કરવાનું કે ઉપાડવાનું બંધ કરી દેતા સોનલ ગુસ્સે ભરાઈ હતી અને બંન્નેને રંગે હાથ પકડવા માટે અડધી રાત્રે પણ સરગાસણ ખાતે ખેતરમાં તપાસ માટે આવતી હતી. આ સાથે જ તેએ રેકી કરીને બકુલાનો આવન જાવન સમય જાણીને ઘટનાના દિવસે ગામની સીમમાં આવેલા નાળીયામાં તેને મોતને ઘાટ ઉતારી હતી. નાળીયામાં અંધકારમાં સંતાઈ ગયેલી સોનલે પહેલા ઉપરા છાપરી માથાના ભાગે ત્રણ ઘા માર્યા હતા ત્યારબાદ કપાળ અને કાનના ભાગે પણ ત્રણ વાર કરીને હત્યા કરીને નાસી ગઈ હતી. હત્યા દિવસે સોનલ પોતાના પુત્રના મિત્ર સાથે સરગાસણ પહોંચી હતી. સગીરને રોડ પર ઉભો રાખી હત્યા કર્યા બાદ આવીને ભુલ થઈ ગઈ હોવાનું જણાવીને તેની મદદથી કપડા સળગાવી નાંખ્યા હતા. એલસીબી અને ઈન્ફોસીટી પોલીસે વિવિધ ટીમો બનાવીને જુદી જુદી દિશામાં તપાસનો ચક્રો ગતિમાન કર્યા હતા. જેને પગલે પોલીસને સરગાસણ હત્યા કેસમાં આરોપી સુધી પહોંચવામાં સફળતા મળી હતી.



### સોનલે હત્યા બાદ કપડા અને સળીયાનો નાશ કર્યો

મોડીસાંજના સુમારે સરગાસણની સીમમાં બકુલાની હત્યા કર્યા બાદ લોહીથી ખરડાયેલા કપડા વાવોલ કોલવડા માર્ગ પર પેટ્રોલ નાંખીને સળગાવી દીધા હતા. જયારે લોખંડનો સળીયો ઉવારસદ તરફના માર્ગે ક્યાંક ફેકીં દીધો હતો.

### આરોપી પતિને રંગેહાથ પકડવા માટે રાત્રે પણ ખેતરમાં આંટાફેરા માર્યા છે

સોનલ પોતાનો દિકરો રાત્રીના ૮ કલાકે નોકરી જાય ત્યારબાદ પોતાના પતિને પ્રેમ કરતા રંગેહાથ પકડવા માટે રાત્રીના સમયે સરગાસણના ખેતરના આંટાફેરા માર્યા હોવાનું પણ જાણવા મળ્યું છે. પરંતુ પતિ ના મળતા તે રાત્રે પરત ફરતી હતી.

### મૃતક મહિલાનો મોબાઈલ તોડી નાંખ્યો

બકુલાની હત્યા કર્યા બાદ તેનો મોબાઈલ કોઈના હાથમાં ન આવે તે માટે સોનલે મોબાઈલ લઈ લીધો હતો અને તે મોબાઈલને તેને તોડી નાંખ્યો હતો.





શેરી ગરબાઓનુ અનોખુ મહત્વ છે. એક સોસાયટી કે પોળમાં રહેતા વસાહતી ભાઈ-બહેનો સાથે મળીને નવરાત્રીના નવ દિવસ ગરબે ઘુમે છે. સેક્ટર-પમાં યોજાતા શેરી ગરબામાં વસાહતી ભાઈ-બહેનો ખૂબ ઉલ્લાસપૂર્વક ગરબે ઘુમ્યા હતા. પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ થઈ ગરબે ઘુમી સૌએ માતાજીની આરાધના ભાવ-ભક્તિથી કરી હતી.

# બીએસએનએલ ફોન બંધ થતા ગ્રાહકો હેરાન

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરમાં બીએસએનએલના ફોન છેલ્લા ઘણા સમયથી બંધ હાલતમાં છે. કેટલીકવાર એક દિવસ ચાલુ રહે તો બીજે દિવસે બંધ થઈ જાય છે. નાગરીકોએ અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો તંત્ર સમક્ષ કરી છે પરંતુ તંત્રના અધિકારીઓના પેટના પાણી હલતા નથી. જયારે ગ્રાહકોને ફોન કાર્યરત ન હોવા છતા બીલ ભરવાની નોબત આવે છે. ત્યારે ગ્રાહકો દ્વારા જે તે સંબાંધિત અધિકારીને પુછતા ગ્રાહકો સાથે મન ફાવે તેમ વાત કરવામાં આવે છે. ત્યારે ગાંધીનગર શહેરમાં ખાડે ગયેલી બીએસએનએલની ટેલીફોન લાઈન તંત્ર દ્વારા સત્વરે રીપેર કરવામાં આવે તેમ ગ્રાહકો ઈચ્છી રહ્યા છે. જયારે ફરજ પરના અધિકારીઓને જાણે ફોન રીપેરીંગ ના થાય તેમા રસ હોય તેમ લાગી રહ્યું છે. રીપેરીગનું કામ મંથર ગતિએ થતા ગ્રાહકો હેરાન પરેશાન થઈ જાય છે. ત્યારે બીએસએનએલની કામગીરી ખાડે ગઈ હોય તેમ લાગી રહ્યું છે.

## ખોરજ ગામમાં પંચાયત દ્વારા ઘરદીઠ કપડાની થેલી ભેટ અપાઈ

ગાંધીનગર, તા.૫

મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે ખોરજ ગ્રામ પંચાયત દ્વારા તમામ ઘર અને દુકાન દીઠ શ્રેષ્ઠ સુત્રો છાપેલી કાપડની થેલી ભેટ આપવામાં આવી હતી. આ ઉપરાંત ખોરજ ગામની તમામ નવરાત્રી ચોકમાં મા ભારતીની સાચી આરાધના માટે નવસૂત્રી મોટા બેનર અને ગરબાની પ્રચાર કરવામાં આવ્યો છે. આ દરેક કાર્યમાં પંચાયત સદસ્ય કીર્તીભાઈ પટેલનો મુખ્ય સહયોગ રહ્યો હતો. તથા ખોરજ ગામ તથા સમૃધ્ધ ભારતના તમામ ઉદેશોમાં અગ્રેસર હોવાના પ્રેરક પ્રતિક તરીકે તાલુકા અને જિલ્લા પંચાયત પરિવારને પણ તાલુકા વિકાસ અધિકારીની ધાંધલીયાના હસ્તે કપડાની થેલી ભેટ આપવાનું જાહેર કરવામાં આવ્યું હતું.

# સે. ૨૩ નવરાત્રી ચોકમાં ગાંધીજીની જન્મ જયંતિ, નવરાત્રી મહોત્સવ, સ્વચ્છતા-પ્લાસ્ટિકમુક્તના સંદેશા સાથે ભવ્ય ઉજવણી

ગાંધીનગર, તા. ૫

સેક્ટર-૨૩ અષ્ટગ્રુપ નવરાત્રી ચોકમાં મેઘ મહારાજની સાક્ષીએ માતાજીના ભાવભીના અને વર્ષા જળ ભીના ગરબા મહોત્સવમાં ચાલુ વરસાદે 'મા અંબા'ની આરાધના સાથે ૨જી ઓક્ટોબરે મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ અને નવલી નવરાત્રીનો સુમેળભર્યો સમન્વયમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગ ન કરવાના સંકલ્પ સાથે પૂજ્ય બાપુના ધર્મ, હિન્દુ ધર્મ અને સ્વચ્છતા અંગેના વિચાર અંગે પી.એલ.વી. સુધીરભાઈ દેસાઈના પ્રેરણાદાયી વક્તવ્ય સાથે માતાજીની રંગોળીમાં પ્લાસ્ટિક મુક્ત સંદેશને અનુસરવાના જનજાગૃતિ અભિયાનને આહવાન કર્યુ હતુ.

આ અનોખા કાર્યક્રમમાં શ્રીમતી મમતાબેન દત્તાણી મેલેરિયા અધિકારી, સ્ટેટ તથા મ્યુનિ. કોર્પોરેટર શ્રીમતી નિલાબેનના પ્રસંગોચિત વક્તવ્યો સાથે ત્રિવેણી સંગમનો કાર્યક્રમ આરાધના, વૃદ્ધિગમ્ય રીતે ઉજવણીમાં મહાત્મા ગાંધીજીના પાત્રમાં નાનો બાળક ધૈર્ય દિવ્યાંગ મહેતા ભુમિકા ભજવી સૌનું આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો.



# ગાંધીનગર જિલ્લા ન્યાયાલયમાં સ્થાપિત 'સંવેદનશીલ સાક્ષી જુબાની કેન્દ્ર'નું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લા ન્યાયાલય ખાતે સંવેદનશીલ સાક્ષી જુબાની કેન્દ્ર (ફ.ઉ.ઢ.ઞ)નું નિર્માણ કરવામાં આવ્યું છે. આ કેન્દ્રનું સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયાના જજ એમ.આર. શાહ અને ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ વિક્રમનાથની ઉપસ્થિતમાં લોકાર્પણ તા. ૬ ઓકટોબર, ૨૦૧૯ના રોજ સવારના ૧૨.૩૦ કલાકે કરવામાં આવશે.

ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ વિક્રમનાથના માર્ગદર્શન હેઠળ જાતિય ગુનાઓ સહિતના વિવિધ ગુનાઓના બાળસાક્ષી-ભોગ બનનાર માટે ' સંવેદનશીલ સાક્ષી જુબાની કેન્દ્ર' (ફ.ઉ.ઢ.ઞ) ગાંધીનગર જિલ્લા ન્યાયાલય ખાતે સ્થાપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ વિશિષ્ટ રીતે રચાયેલ કેન્દ્રમાં સંવેદનશીલ સાક્ષીને પ્રતિક્ષા કક્ષની સાથે ખાણી-પીણીની જગ્યા, રમકડાં અને જુબાની કક્ષ ધરાવતો એક કોર્ટરૂમ હશે કે જેમાં ઓડિયો-વીડિયો જોડાણના અમલીકરણની અદ્યતન ટેકનીકલ આઈ.પી. કેમેરા આધારિત સી.સી.ટી.વી. સાથે વાયલેસ હેડફોન વાળી પી.એ. સાઉન્ડ મીક્સર સિસ્ટમ જેવા ઉપરકરણોથી સુસજ્જ છે.

આ કેન્દ્ર જાતિય ગુનાઓ સહિતના વિવિધ ગુનાઓ સહિત વિવિધ ગુનાઓમાં ભોગ બનનારા અને બાળ સાક્ષી તથા વિવિધ જધન્ય ગુનાઓમાં ભોગ બનનાર વિશિષ્ટ વર્ગ કે જેઓને કેસના બચાવપક્ષ તરફથી થતાં અનુચિત પ્રભાવ કે દબાણ સામે રક્ષણ આપવાની જરૂર છે, તેઓ માટે હશે. પરિણામે આ કેન્દ્રને સંવેદનશીલ સાક્ષી જુબાની કેન્દ્ર એવું નામ આપવામાં આવ્યું છે.

## પી.આર. ઠક્કર વિદ્યાવિહાર મગોડીમાં પ્લાસ્ટીક મુક્ત ભારતના શપથ લીધા

મગોડી સ્થિત પી.આર. ઠક્કર વિદ્યાવિહાર શાળામાં ગાંધી જયંતીની શાનદાર ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીજીના જીવનકવન વિશે પ્રેરણાદાયી પ્રસંગો વાગોળવામાં આવ્યા હતા. પ્લાસ્ટીક મુક્ત ભારત અભિયાનને સમર્થનરૂપે શપથ લીધા હતા.

# ચિલોડા ખાતે એચઆઈવી સંક્રમણ અટકાયત કાર્યક્રમ પોસ્ટર પ્રદર્શન યોજાયુ

ચિલોડા, તા. ૫

ચિલોડા ખાતે ગુજરાત એઈડ્સ કંન્ટ્રોલ સોસાયટી અંતર્ગત ઉત્કર્ષ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા ચાલતાં લિંક વર્કર સ્કીમમાં ગામના લોકોને ટી.બી., જાતીયરોગ, એચ.આઈ.વી. અને ગુપ્ત રોગોની જાગૃતિ-સહાય માટે પોસ્ટર પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં પેરાલીગલ વૉલન્ટીયર, ગ્રામ પંચાયતના સદસ્ય નટુભાઈ પટેલ, લિંકવર્કર મહેશભાઈ પરમાર તથા નારણભાઈ દેસાઈ દ્વારા ગ્રામજનોને પ્રિવેન્શન ઓફ પેરેન્ટ-ટુ-ચાઈલ્ડ ટ્રાન્સમિશન સી માતા-પિતાથી બાળકોને થતા સંક્રમણની અટકાયત અંગેનો કાર્યક્રમ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.



# ગુજરાતીઓમાં ઉદ્યમશીલતા અને ઉદ્યોગ સાહસિક્તા ભરી પડેલી હોય છે : જિલ્લા કલેકટર કુલદીપ આર્ય

ગાંધીનગર, તા. ૫

રાજય સરકાર દ્વારા યુવાનો માટે રાજવ્યાપી રોજગાર ભરતી મેળા પખવાડિયાનું આયોજન કરીને પ્રત્યેક જિલ્લા કક્ષાએ રોજગારી ભરતીમેળા યોજવામાં આવી રહ્યાં છે. તદ્દૂઅનુસાર ગાંધીનગર જિલ્લાનો રોજગાર ભરતીમેળો આજે સમર્પણ કોલેજ, સેકરટ-૨૮, ગાંધીનગરના પ્રાંગણમાં શ્રમ અને રોજગાર વિભાગ, આઈ.ટી. આઈ .ના સંયુક્ત ઉપક્રમે જિલ્લા કલેકટર કુલદિપ આર્યના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો હતો.

જિલ્લા કલેકટર કુલદીપ આર્યએ અધ્યક્ષસ્થાનેથી ઉપસ્થિત રોજગારવાંચ્છુઓને માર્ગદર્શન આપતાં જણાવ્યું કે ગુજરાતીઓમાં ઉધમશીલતા અને ઉદ્યોગ સાહસિકતા ખૂબ જ ભરીને પડેલી હોય છે. નોકરી કરતા કરતા પોતે નોકરીદાતા બનવામાં વધારે પ્રયત્નશીલ હોય છે. પશ્ચિમના દેશોમાં કુશળતા અને આવડત મુખ્યત્વે છે. જેથી યુવાનો પરદેશ જવા તત્પર હોય છે. સરકારી નોકરીઓમાં ખૂબ જ હરિફાઈ છે. જયારે ખાનગી ક્ષેત્રમાં જોબ માટે સ્કિલનું મહત્વ છે. ખાનગી ક્ષેત્રોમાં રોજગારીની તકો ઉપલબ્ધ છે. પણ સામે કવોલિફાઈડ માણસો મળતા નથી. એટલે લાયકાતની સાથે આવડત હશે તો, નોકરી મેળવવામાં લાગવગની કોઈ જરૂરિયાત રેહશે નહી.

રાજય સરકારે રાજયના વિવિઝ જિલ્લાઓમાં નોકરીદાતાઓ અને નોકરી મેળવવાવાળા રોજગાર-વાંચ્છુઓનો સમન્વય કરાવીને રોજગાર ભરતીમેળા યોજી ઉમેદવારોને પસંદગીની રોજગારી પ્રાપ્ત કરાવવા માટેના સનિષ્ઠ પ્રયાસો કર્યો છે. ગાંધીનગર જિલ્લાના રોજગારવાંચ્છુઓ ઉમેદવારો માટે યોજાયેલ આ રોજગાર મેળામાં ૪૫ જેટલી કંપનીઓને આમંત્રણ પાઠવી તેમના પ્રતિનિધિઓને ઉપસ્થિત રાખી વિવિધ કક્ષાની ૧૩૦૦ જેટલી જગ્યા માટે ૧૪૦૦ જેટલા ઉમેદવારોએ નોંધણી કરાવી છે.



**જાહેર નિવિદા નં/૨૦૧૯-૨૦**

તાલુકા પંચાયત કચેરી ભિલોડા ટ્રાયબલ શાખા જી. અરવલ્લીના અમલીકરણ હસ્તક સને ૨૦૧૮-૧૯ હેઠળ વનવાસી ખેડૂત સશક્તિકરણ યોજના હેઠળ મંજુર થયેલ વિવિધ યોજનાકીય વિકાસના કામો હાથ ધરવાના થાય છે, આથી રજીસ્ટ્રેશન સંસ્થાઓ/સહકારી મંડળીઓ જાહેર ટ્રસ્ટો પાસેથી કુલ ૧૦ કામોના ભાવો રજી, પો.એ.ડી. ટપાલથી બંધ કવરમાં કામવાર અલગ અલગ ભાવો મંગાવવામાં આવે છે. સદર ભરેલ ભાવો કામવાર સ્પેકીફીકેશન મુજબ જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન ૭ સુધીમાં તાલુકા વિકાસ અધિકારી ભિલોડાને મોકલી આપવાના રહેશે. નિયત તારીખ બાદ આવેલા ભાવ પત્રક સ્વીકારવામાં આવશે નહી કોઈપણ ભાવપત્રક અથવા રજી. પો.એડી. સિવાય આવેલા ભાવપત્રક સ્વીકારવામાં આવશે નહી કોઈપણ ભાવપત્રક મંજુર કરવુ અથવા ના કરવુ તેનો અધિકાર નીચે સહી કરનારનો રહેશે. કવરના મથાળે વિકાસના કામોનું ભાવપત્રક તથા કામનું નામ લખવાનું રહેશે.

નોંધ :- કામોની વિગત તાલુકા પંચાયત ભિલોડાના નોટીસ બોર્ડ ઉપર મુકેલ છે.

**તાલુકા વિકાસ અધિકારી ભિલોડા**